REF(I.T.) No.08/2016
Order Under Ex-36

# ઔદ્યોગિક ન્યાય પંચ નં.૧ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ(આઈ.ટી.) નં.૦૮/૨૦૧૬

પ્રથમ પક્ષકાર :– ભલારીયા મેટલ ક્રાફટ પ્રા. લી.

::– વિ રૂ ઘ્ધ –::

બીજા પક્ષકાર :– ગુજરાત રાજય કામદાર સેવા સંઘ

## ::– પ્રથમ પક્ષકારની આંક–૩૬ ની અરજી નીચે હુકમ –::

પ્રથમ પક્ષકાર તરફેની અરજી તથા અરજી ઉપરનો બીજા પક્ષકાર તરફેનો શેરો વંચાણે લીધો. પ્રથમ પક્ષકાર તરફે વકીલ શ્રી કે.જી.કપ્તાન તથા બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી આર.એમ.પ્રજાપતીની રજુઆત સાંભળી.

પ્રથમ પક્ષકાર તરફેની હાલની અરજી, આ કામે તેઓ તરફે તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ રજુ કરવામાં આવેલ બે પુરાવા લીસ્ટને આંક આપવા માટેની છે. સદર લીસ્ટને આંક આપવા સામે વાંધો નથી તેવો બીજા પક્ષકાર તરફે શેરો કરવામાં આવેલ છે. આ કામનું રેકર્ડ ઘ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર તરફેના તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજના બે પુરાવા લીસ્ટ રેકર્ડ સાથે સામેલ છે. જે બંને પુરાવા લીસ્ટ ઉપર બીજા પક્ષકાર તરફે નકલ મળી હોવાનો તથા પાકા આંક આપવા સામે વાંધો હોવાનો તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજનો શેરો છે. તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજનું રોજકામ ઘ્યાને લેતાં, સદર બે પુરાવા લીસ્ટ રેકર્ડ ઉપર લઈ આંક આપવામાં આવેલ નથી. ઉપરોકત હકીકતે સદર બે પુરાવા લીસ્ટ પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ છે અને શરતચુકથી રેકર્ડ ઉપર લેવાયેલ ન હોવાનું જણાય છે. સદર બે પુરાવા લીસ્ટ રેકર્ડ ઉપર લેવા સામે બીજા પક્ષકારને વાંધો નથી. જેથી હાલની અરજી ન્યાયના હિતમાં મંજુર કરવી યોગ્ય અને ન્યાયોચીત જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## ::– હુ ક મ –::

(૧) પ્રથમ પક્ષકારની આંક–૩૬ ની અરજી મંજુર કરવામાં આવે છે.

REF(I.T.) No.08/2016
Order Under Ex-36

(૨) પ્રથમ પક્ષકાર તરફે તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ રજુ કરવામાં આવેલ બંને પુરાવા લીસ્ટને આંક આપી રેકર્ડ ઉપર લેવા હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૧૬મી જાન્યુઆરી–૨૦૨૬ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૧,સુરત.
જજ કોડ જીજે૦૦૫૬૧

(સ્ટેનો–સી.જી.ચૌધરી)